



# પ્રેમ-સંબંધોના જટિલ પ્રશ્નો કામાખ્યા દેવીના મંત્રોથી દૂર થાય છે!



યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

પ્રેમ અને સંબંધોમને આકર્ષિત કરવા, ગુમાવેલો પ્રેમ પાછો મેળવવા અથવા પ્રેમ લગ્નમાં સફળતા માટે મા કામાખ્યા દેવીનો મંત્ર ઘણો જ શક્તિશાળી માનવામાં આવે છે. સૌથી પ્રામાણિક મંત્રોમાં કામાખ્યા બીજા મંત્ર અને વશીકરણ મંત્ર સામેલ છે.

**1. કામાખ્યા બીજ મંત્ર:**

આ મંત્ર પ્રેમને આકર્ષિત કરવા અને એક-બીજાનું આકર્ષણ વધારવા સૌથી સરળ અને પ્રભાવશાળી મંત્ર છે.

મંત્ર: 'કલીં કલીં કામાખ્યા કલીં કલીં નમ:

**2. કામાખ્યા વશીકરણ મંત્ર:**

આ મંત્ર ગુમાવેલા પ્રેમને પાછો મેળવવા અથવા કોઈ વિશેષ વ્યક્તિના મનમાં પ્રેમ જગાડવા માટે ઉપયોગ કરવામાં આવે છે. આ મંત્રમાં 'અમુક' (અમુકી)ના સ્થાન પર તે વ્યક્તિનું નામ બોલવું જેને તમે આકર્ષિત કરવા ઈચ્છો છો.

મંત્ર: ઓમ નમો કામાક્ષી દેવી, (વ્યક્તિનું નામ) મે વશં કુરુ કરુ સ્વાહા

**3. કામાખ્યા દેવી આકર્ષણ મંત્ર:**

આ મંત્ર પ્રેમ-સંબંધોમાં મધુરતા લાવવા માટે અને આકર્ષણ શક્તિને વધારવામાં મદદરૂપ થાય છે.

મંત્ર: કામાખ્યે વરદે દેવી નીલપર્વતવાસિની ત્વં દેવિ જગતાં માતરયોનિમુદ્રે નમોસ્તુતે

**જપ કરવાની વિધિ**

આ મંત્રનો પુરો લાભ ઉઠાવવા માટે સાચી પ્રક્રિયાનું પાલન કરવું આવશ્યક છે.

**શુભ સમય:** શુક્રવારની રાત્રે કે કોઈ પણ સુદ પક્ષના શુભ દિવસની સાધના શરૂ કરવી સૌથી ઉત્તમ માનવામાં આવે છે.

**દિશા અને આસન:** લાલ રંગનું આસન પાથરીને ઉત્તર કે પૂર્વ દિશા તરફ મોઢું રાખીને બેસવું.

**માળા:** સ્ફટિકની માળા કે રુદ્રાક્ષની માળાનો ઉપયોગ કરવો.

**સંખ્યા:** દરરોજ એકાગ્રચિત થઈને ઓછામાં ઓછી 108 વાર (એક માળા) મંત્રનો જાપ કરવો.

મા કામાખ્યા વશીકરણ બીજ મંત્ર અત્યંત શક્તિશાળી અને પ્રાચીન તાંત્રિક મંત્ર છે. તેનો ઉપયોગ ખાસ કરીને આકર્ષણ, પ્રેમ પ્રાપ્તિ અને મનોવાંછિત ફળ મેળવવા કરવામાં આવે છે.

**કામાખ્યા વશીકરણ મૂળ બીજ મંત્ર:**

**ઓમ ઐં હ્રીં કલીં કામાખ્યૈં નમ:**

આ મંત્ર આકર્ષણ, સૌંદર્ય અને સકારાત્મક ઊર્જાની પ્રાપ્તિ માટે સૌથી વધારે ઉપયોગ કરવામાં આવે છે

**કામાખ્યા મોહિની વશીકરણ મંત્ર:**

**કલીં કલીં કામાખ્યા કલીં કલીં નમ:**

આ એક અત્યંત તીવ્ર આકર્ષણ મંત્ર છે જેનો જપ સાચા મનથી કોઈ વ્યક્તિ વિશેષને આકર્ષિત કરવા માટે કરવામાં આવે છે.

**કામખ્યા વશીકરણ મંત્ર (ખોવાયેલો પ્રેમ પાછો મેળવવા માટે)**

જો તમે કોઈ વિશેષ વ્યક્તિને પોતાના જીવનમાં આકર્ષિત કરવા ઈચ્છો છો અથવા ગુમાવેલો પ્રેમ પાછો મેળવવા ઈચ્છો છો- તો નીચેના મંત્રનો પ્રયોગ કરવામાં આવે છે.

ઓમ કામાખ્યે કામ ક્લાયૈ કામેશ્વરિ નામોસ્તુતે
કામદાયિની સિદ્ધે ત્વં કામરૂપે નમો નમ:
કમાખ્યા શક્તિ મંત્ર

આ મંત્ર ઈચ્છાઓ અને પ્રેમની પૂર્તિ કરવા માટે અત્યંત ફળદાયી માનવામાં આવે છે:

'ઓમ ઐં હ્રીં કલીં કામાખ્યૈ નમ:

**આકર્ષણ માટે ક્લીમ મંત્ર**

'ક્લીમ' સ્નેહ અને કામુક્તાને આકર્ષિત કરવાનો એક શક્તિશાળી બીજ મંત્ર છે. તે તમારી ઊર્જાને એવી આવૃત્તિ પર કંપન કરાવે છે જેનાથી તમારા જીવનમાં સ્વાભાવિક રીતે કોમલતા આકર્ષિત કરે છે. તેનો શાબ્દિક ઉચ્ચારણ ફક્ત 'ક્લીમ' છે. જેમાં 'ઈ'નું ઉચ્ચારણ લાંબુ હોય છે. આકર્ષણ પેદા કરવા માટે આ એક શક્તિશાળી મંત્ર છે.

**કામખ્યા દેવી મંત્ર: પીરિયડ્સ માટે**

પીરિયડ્સ (માસિક ધર્મ) દરમિયાન થતાં દર્દ, અનિયમિતતા અને નબળાઈથી રાહત મેળવવા માટે મા કામાખ્યાના બીજ મંત્ર અને પ્રણામ મંત્રનો જાપ કરવો અત્યંત લાભકારક માનવામાં આવે છે. મા કામાખ્યાને શક્તિ અને નારિત્વનું પ્રતીક માનવામાં આવે છે.

**1. મા કામાખ્યાનો બીજ મંત્ર (કષ્ટ અને દર્દ નિવારણ માટે):**

આ મંત્રનો 108 વાર (1 માળા) જાપ કરવાથી માનસિક શાંતિ મળે છે અને માસિક ધર્મ દરમિયાન થતાં શારીરિક દર્દ અને નબળાઈમાં રાહત મળે છે.

મંત્ર: કલીં કલીં કામાખ્યા કલીં કલીં નમ:

**2. મા કામખ્યાનો પ્રણામ મંત્ર (નારીત્વનું સન્માન અને હીલિંગ માટે)**

આ મંત્રના સ્મરણ માત્રથી માસિક ધર્મની સમસ્યાઓમાંથી મુક્તિ મળે છે. અને શરીરમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે.

**કામાખ્યે વરદે દેવિ નીલ પર્વત વાસિની**
**ત્વં દેવિ જગતાં માતરયોનિમુદ્રે નમોસ્તુતે**

**મંત્ર જપની પદ્ધતિ:-**

- શાંત અવસ્થામાં બેસીને, મનમાં જે મનમાં અને ધીમાં અવાજમાં આ મંત્રોનો જાપ કરવો.

**ગુમાવેલો પ્રેમ પાછો મેળવવા.. પ્રેમ જગાડવા... આકર્ષણ વધારવા... પ્રેમ-લગ્ન કરવા માટે સફળતા મેળવવા માટે કામાખ્યા દેવી તમોને મંત્રશક્તિ દ્વારા મદદ કરશે!! જે સ્ત્રીઓ પીરિયડ્સની પીડાથી પીડાતી હોય કામાખ્યા દેવીના મંત્રોથી છુટકારો મેળવી શકે છે!!**

## જીવનની બધી જ આપત્તિઓમાંથી ઉગારનાર 24 જૂને

# બટુક ભૈરવ જયંતી



જડીબુટ્ટી

નજુમી




24 જૂન 2026ના રોજ 'બટુક ભૈરવ જયંતી' આવે છે. આ જ અવસર છે. તેમાં મનુષ્ય પોતાના જીવનમાં દુ:ખોને દૂર કરી શકે છે. પોતાનાં જીવનમાં આવતી મુશ્કેલીઓને દૂર કરી શકે છે. જેની તેને ઈચ્છા છે તે બધી મનોકામનાઓ પૂર્ણ કરી શકો છો. આજે મનુષ્ય જીવનમાં અનેક પ્રકારની ઉલઝનોમાં ફસાયેલો છે.

ડગલે ને પગલે વિઘ્નનો તેમ જ વિષમતાઓ મનુષ્યને અડચણોને પાર પાડી શકતો નથી. અને જો તે પાર કરી લે તો પણ તેનાં મનમાં શાંતિ મળતી નથી. બધું જ મેળવીને પણ જો શાંતિ ના મળે તો કશું નથી મેળવ્યું!

એવામાં વ્યકિત પાસે ફકત એ ફકત એક જ રસ્તો રહે છે. જેના પર ચાલીને તે આ અડચણોને પણ પાર કરી લે છે અને શાંતિ પ્રાપ્ત કરી લે છે. તે રસ્તો છે. સાધનાનો પણ વિભિન્ન પ્રકારની હોય છે. જેમાં બટુક ભૈરવ સાધના અતિ મહત્તવપૂર્ણ સાધના છે. જેનું ફળ તીક્ષણ મળે છે. આવો, આ વખતે 24 જૂન 2026ના રોજ આવનારી બટુક ભૈરવ જયંતી પર ભૈરવ સાધના સંપન્ન કરો અને મનની મુરાદોને પૂરી કરો.

**મંત્ર : ૐ હ્રીં બં બટુકાય આપદ્ ઉદ્ધારણાય કુરુ કુરુ બટુકાય હ્રીં**

**કાલ ભૈરવ કામના પૂર્તિ કવચ**

દ્વાપર યુગની સમાપ્તિ પછી જ્યારે કલયુગનું આગમન થયું તો કલિયુગનો પ્રભાવથી લોકોમાં બેઈમાની, વ્યાભિચાર, લૂંટ જૂઠું, છેતરપિંડી વધારે વધવા માંડી. જન માનસમાં આ પ્રકારનો ફેરફાર જોઈને હનુમાનજી વધારે વ્યાકુળ થઇ ગયા તેમ જ પોતાની યોગમાયાથી જ્યારે તેમણે જોયું કે લોકો પર કલયુગનો પ્રભાવ વધી રહ્યો છે તો હનુમાનજી કલ યુગના પ્રભાવ રોકવા માટે કલયુગ સામે લડવા લાગ્યા.

હનુમાનજી જેમ જેમ કલયુગને મારી રહ્યા હતા તેમ તેમ તેનો પ્રભાવ ઘણા વધારે વધવા લાગ્યો. હનુમાનજીએ જાયરે કલયુગને સમાપ્ત કરવાનું નક્કી કર્યું. ત્યારે શિવજીએ હનુમાજીને રોકી દીધા તેમ જ કહર્યું કે કલયુગ પોતાનો ગમે એટલો પ્રભાવ વધારે પરંતુ તમે તેને સમાપ્ત કરી શકો નહીં કારણ કે એ તો વિધિનું વિધાન છે. કે દ્વાપર પછી કલયુગ જ આવશે.

શિવજીની આજ્ઞાનું પાલન કરીને હનુમાનજીએ કલયુગને છોડ઼ી દીધા તેમ જ પ્રભુ શ્રી રામજીની ભક્તિમાં લીન થઇ ગયા. પરંતુ લોકના હા-હા કારને સાંભળીને હનુમાજીનું મન ભક્તિથી વિચલિત થઇ ગયા. અર્થાત્ પ્રભુ શ્રીરામજીની આરાધના કરવામાં તેમને અવરોધ થવા લાગ્યો.

શિવજીએ હનુમાનજીની આ પીડાને જોઈને એક એવી શક્તિને ઉત્પન્ન કરી જેને 'ભૈરવ' નામ આપવામાં આવ્યું અને કહ્યું કે તમે કલયુગના વધતા અશુભ પ્રભાવને રોકો અને લોકોનાં દુ:ખોને દૂર કરો. લોકો તમારી કોઈ પણ પ્રકારની પૂજા અર્ચના કરે. તેને તરત જ ફળ આપો. એટલા માટે ભૈરવજીની ત્રણેય પ્રકારની પૂજા કરવામાં આવે છે.

શિવજીના આદેશાનુસાર ભૈરવજીએ પોતાનું કાર્ય શિવજીની નગરી કાશીથી શરૂ કર્યું એટલા માટે ભૈરવજીને કાશીના 'કોતવાલ'ના નામથી પણ ઓળખવામાં આવે છે.

શિવ દ્વારા ઉત્પન્ન હોવાના કારણે તેમણે શિવજીનો અવતાર પણ કહેવાય છે અને તેમની ઉપાસનાથી બધુ કાર્ય સફળ થાય છે.

**કાળ ભૈરવ કવચ ગળામાં ધારણ કરવાથી અદ્દભૂત લાભ જોવા મળે છે!!**

**કાલ ભૈરવ કવચ ધારણ કરવાથી લાભ**

1. મળણ અને ઉચ્ચારન પ્રયોગથી બચાવ
2. ભૂત-પ્રેત વગેરે ઉપરી શક્તિઓથી બચાવ
3. તાંત્રિક પ્રયોગનું શીઘ્ર નિવારણ
5. કોઇ પણ કરાવ્યું-કરેલું અને ટોણ -ટુચકાના પ્રભાવથી શીઘ્ર જ બચવા માટે.
6. વિભિન્ન પ્રકારના ઉપદ્રવોના નાશ માટે

કાલ ભૈરવની પૂજા ઉપાસના તાંત્રિક-બાધા ઉપરી હવા, ભૂત-પ્રેત અને શત્રુ દ્વારા કરવામાં આવેલ ઘાતક પ્રહારોનો મો તોડ જવાબ છે એટલા માટે આજના આ કઠિન (મુશ્કેલી ભર્યા) ઘોર પ્રતિસ્પર્ધા (હરીફાઇ )ના વાતાવરણમાં દરેક મનુષ્ય માટે તે અ્નિવાર્ય થઇ જાય છે કે તે પોતાના રક્ષણ તરફ ધ્યાન આપે કારણ કે પોતાની ભૂલની સાજ તેનો પરિવાર તથા તે લોકો જેઓ તેના દિલથી ઘણા નજીક છે. જેને તે પોતાની પ્રાણથી વધારે પ્રેમ કરે છે. જેમની ખુશી માટે દિવસ-રાત એક કરે છે તે ના ભોગવે!


પરિવારની કાયમી એ જ ખુશી-આનદ જાળવી રાખવાનું એક માત્ર માધ્ય છે. એક માત્ર સુરક્ષા કવચ છે. 'કાલ ભૈરવ રક્ષા કવચ' જો કે ફક્ત તમારા માટે જ તૈયાર કરવામાં આવે છે.

ભૈરવજીનું એ આક ચકમત્કારિક અને તાંત્રિક દોષ નિવારક કવચ સાધકની ચારે તરફ એક એવું સુરક્ષાના ઘેરનનું નિર્માણ કરે છે. એક એવી લક્ષ્મણ રેકા બનવાવે છે.

જેને ઓળગવાનું સાહસ પછી કોઇ નથી શકતું. આ આકવચ તમારું રક્ષણ કરવા માટે સક્ષમ છે. પછી તે ભૂ-પ્રેત સંબંધ સમસ્યા હોય અથવા કોઇ પ્રકારના તાંત્રિક પ્રયોગ.

કોઇ અજાણી આશંકા કે ઉપહવનો પ્રભાવ હોય કે કોઈ ટોણાં ટચકા બધા પ્રકારના કષ્ટ અને પ્રયોગ આ કવચની સામ પ્રભાવહીન થઈ જાય છે. તમારી તકલીફો દુ:ખ, દર્દ કવચ ધારણ કરવા થઇ શાંત થઇ જાય છે.

# એક સાચું માર્ગદર્શન તમારું ભવિષ્ય બદલી નાંખે છે!



સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

ભવિષ્યના ગર્ભમાં શું છે આપણા માટે આ જિજ્ઞાસા સદીઓથી છે, છતાં તેને ગીતાનો ઉપદેશ આપીને શાંત તો ના કરી શકાય.

જે થવાનું છે તે નિશ્ચિત (ચોક્કસ) છે.
જે નથી થવાનું તે કદાપિ નહીં થાય.
પછી તો કોઈ કામ પર પણ ના જાય!
અને કોઈ ભણે પણ નહીં વગેરે વગેરે..

તમારી કુંડળીની ગ્રહ સ્થિતિ વગેરે જોઈને દરેક જિજ્ઞાસાને તો અમે શાંત કરીશું જ. પરંતુ આ વિવરણો સિવાય પણ તમારી કોઈ સમસ્યા હોય તો તમે પૂછી શકો છો. કારણ કે અમે જાણીએ છીએ કે, તમને કેટલી અહમિયત છે. જ્યોતિષ પરામર્શની કારણ કે સમય પર જો પરામર્શ મળે તો જ સાચું છે. એટલા માટે આ 'સમસ્યા અને સમાધાન' કોલમ મારફતે તમે જન્મની વિગતો મોકલીને લાભ લઈ શકો છો. કારણ કે એક સાચું પરામર્શ/માર્ગદર્શન ભવિષ્ય બદલવાની તાકાત રાખે છે. તેથી તમે તમારું નામ, જન્મ તારીખ, જન્મ સમય, જન્મ સ્થળ અને સાથે સમસ્યા જણાવો. તમે તેનો લાભ વિના મૂલ્યો લઈ શકો છો. એણે કહ્યું.. તેણે કહ્યું.. પરંતુ કોળએ કંઈ પણ કીધું.. તમે તેનું માન્યું પણ ખરું.. આખરે તમને શું પરિણામ મળ્યું? યાદ રાખો.. એક સાચું માર્ગદર્શન તમારું ભવિષ્ય બદલી શકે છે. તમે અંધારામાંથી અજવાળામાં આવી શકો છો. સમય એક જેવો ક્યારે રહેતો નથી. ગ્રહ-નક્ષત્ર બદલાતા રહે છે અને પરિસ્થિતિઓ પણ. દશાઓ પોતાને પ્રભાવ દર્શાવે છે.. તો આકાશમાં ભ્રમણ કરતા ગ્રહો પણ!

જન્મ કુંડળી - સમય પર યોગ્ય તેમજ વિદ્વાન, અનુભવી જ્યોતિષીની સલાહ લઈને તમે આવનારી મુશ્કેલીઓ પરેશાનીઓને પહેલેથી જ જાણીને સાવધાન રહી શકો છો.

જ્યોતિષના કેટલાયે મહાયોગ છે જે વ્યક્તિને જીવનની ઊંચાઈઓ પર પહોંચાડે છે અને કેટલાયે દુર્યોગ પણ છે જે વ્યક્તિની ભરપૂર મહેનતને સફળ થવા દેતો નથી. સમય પર તેનું જ્ઞાન/જાણકારી મેળવીને તમે ઉચિત ઉપાય કરી શકો છો.. જેમ કે રત્ન ધારણ, ગ્રહોનું દાન, યજ્ઞ, હવન, ગ્રહોના મંત્ર-સ્ત્રોત જાપ, ગ્રહોના યંત્ર, કવચ પાઠ તેમજ કવચ (તાવીજ) ધારણ વગેરે દ્વારા ભાગ્યથી વધારે અને સમયથી પહેલા કોઈને કશું જ મળતું નથી. આ સિધ્ધાંતના સહારે તમારા જીવનને નર્ક ના બનાવશો. પોતાના જીવનને એક દર્પણની જેમ જ્યોતિષના માધ્યમથી જુઓ. તમારી સમસ્યા અને સમાધાન જાણો. સમસ્યાથી.. અભાવોથી હંમેશા ઝઝમૂતા ના રહો. પરંતુ જ્યોતિષ દ્વારા તેનું સમાધાન મેળવો. જીવનને સુખદ અને સફળ બનાવો. કોઈ પણ જ્યોતિષી ભવિષ્યવાણી નથી કરતો. પરંતુ કુંડળીના ગ્રહો પોતે જ બોલે છે. જરૂર છે ફક્ત તેની ભાષા સમજવાની!

મંત્ર-તંત્ર-યંત્ર ભારતની પ્રાચીન વિદ્યાઓ છે જેના પર આપણા ઋષિ-મહર્ષિઓએ સેંકડો વર્ષો સુધી શોધ કરી છે અને સમસ્યાઓમાંથી મુક્તિ માટેના ઉપાયો શોધી કાઢ્યા છે! આજે નવ-શિખેલા જ્યોતિષી અથવા જે જ્યોતિષી બનવાના ઢોંગ કરે છે તેઓ નિ:શુલ્ક ફોન પર કે ટી.વી. ચેનલ પર અન્ય સંચાર માધ્યમોથી તમારી સમસ્યાઓનો તુરંત ઉપાય બતાવી દે છે. પરંતુ તમારી સમસ્યાઓનો હલ નીકળતો નથી. ઉલટું સમય શ્રમ અને પૈસા બરબાદ થતા હોય છે!

તમે કયો વેપાર કરવો! કયા શેરમાં ઈન્વેસ્ટ કરવું? સંતાનને કયાં ક્ષેત્રમાં કેરિયર બનાવવું જોઈએ! કોર્ટ - કેસનો નિકાલ ક્યારે આવશે? પ્રતિકૂળ સમય કયાં સુધી ચાલશે? છોકરા કે છોકરીના લગ્ન કેમ થતાં નથી. મોઢા સુધી આવેલો કાળિયો કેમ છીનવાઇ જાય છે? આ બધા એવા પ્રશ્નો છે કે, જેના માટે યોગ્ય જ્યોતિષીને પણ કુંડળી વિશ્લેષણમાં સમય લાગે છે.. ત્યારે કોઇ વ્યક્તિ કેવી રીતે તમોને એક કે બે મિનિટમાં જ સમસ્યાનું સમાધાન બતાવી શકે? અત્યારે AI જ્યોતિષના નામે મોબાઈલમાં ફક્ત જન્મ તારીખ આપો એમ કહીને તેઓ રૂપિયા જમા કરાવી દે છે (રૂપિયા ખંખેરી લે છે!) અને સંતોષકારક સમાધાન કે તમારા પ્રશ્નનો સાચો જવાબ મળતો નથી! પછી આ બધું ફેંક લાગે. તેના પર વિશ્વાસ ઊઠી જાય છે. પરંતુ ત્યાં સુધી તમે કેટલાયે રૂપિયા ખાલી કરી નાખ્યા હોય છે!

તમે પોતે જ વિચારો અને નિર્ણય કરો.. સાચું માર્ગદર્શન મેળવવાનો. કોઈનું અધૂરું જ્યોતિષ જ્ઞાન તમારા માટે ઘાતક બની શકે છે. જો તમે કુંડળી મુજબ જરૂરી હોય તે મુજબ રત્ન ધારણ ના કર્યું હોય તો તે પણ તમોને ઝેર બરાબર અસર કરશે. કારણ કે રત્ન અમૃત પણ છે અને ઝેર પણ છે!

**જ્યોતિષના કેટલા મહાયોગો છે જે વ્યક્તિઓને જીવનની ઉંચાઈએ પહોંચાડે છે... જ્યારે કેટલાક દુર્યોગ પણ છે જે વ્યક્તિની ભરપૂર મહેનત કરવા છતાં સફળ થવા દેતો નથી!**

જન્મ પત્રિકા વિશ્લેષણ માટે તમારે શું કરવાનું છે?

તમે તમારી કે સંતાનની કોઇ પણ સમસ્યાઓના સમાધાન માટે જન્મ પત્રિક ઝેરોક્ષ કોપી ગોચર-અગોચર પૂર્તિ વિભાગ, સમસ્યા અને સમાધાન માટે ગુજરાતમિત્ર સોની ફળિયા, સુરત 395003 ખાતે મોકલી આપશોજી. આ ઉપરાંત તમે mail@gujaratmitra.in મેઈલ પર મોકલી શકો છો.

આજે સંસારમાં ભાગ્યે જ કોઇ પૂર્ણ રૂપે સુખી તેમજ સંપન્ન છે. જીવનમાં દુઃખ-સુખ તો આવે છે ને જાય છે... ક્યારેક તડકો ન ક્યારેક છાંયડો! સમસ્યા કોના જીવનમાં નથી. બધાના જીવનમાં કોઈને કોઈ સમસ્યાઓ આવતી જ રહે છે. એવામાં હતાશ થવાની કોઈ જરૂર નથી. આ સમસ્યાઓમાંથી બહાર નીકળવા માટે આપણા ધર્મ શાસ્ત્રોમાં ઋષિ મુનિઓને રસ્તો જણાવ્યો છે. ફક્ત તેનો જાણકાર વ્યક્તિ હોવો જોઈએ.